# ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ રાજ્યમાં ૨૦૦ સ્થળે તપાસ

**૨૦૦** હોસ્ટેલ અને કેન્ટિનની તપાસમાં ૬૧ને નોટિસ

**૧ લાઇસન્સ** સસ્પેન્ડ, ૧૧૪ ખાદ્ય નમૂના લેવાયા

ગાંધીનગર : સુરતના અબ્રામા વિસ્તારમાં હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગની ઘટનામાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અસરગ્રસ્ત થયા બાદ રાજ્ય સરકારે હવે હોસ્ટેલ અને કેન્ટીનની ખાદ્યસલામતી સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશ બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્રે રાજ્યભરમાં હાથ ધરેલી સ્પેશ્યલ ડ્રાઈવમાં માત્ર એક જ દિવસમાં ૨૦૦ હોસ્ટેલ-કેન્ટીનની તપાસ કરી ૬૧ સ્થળોને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારી છે. તપાસ દરમિયાન ૧૧૪ ખાદ્ય નમૂના લેવામાં આવ્યા છે, જ્યારે ગંભીર અસ્વચ્છતા અને અનહાઈજેનિક પરિસ્થિતિ જણાતા ૧૦ હોસ્ટેલ-કેન્ટીન સ્વૈચ્છિક રીતે બંધ કરાવવામાં આવ્યા છે. એક સ્થળનું લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. સુરતની ઘટના બાદ તંત્ર હરકતમાં સુરતના અબ્રામા વિસ્તારમાં પી.પી. સવાણી શાળાની હોસ્ટેલમાં ૧૩ સપ્ટેમ્બરે બનેલી ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટનામાં આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અસરગ્રસ્ત થયા હતા. ઘટનાને ગંભીરતાથી લઈ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યની તમામ હોસ્ટેલ અને કેન્ટીનમાં ખોરાકની ગુણવત્તા તથા સ્વચ્છતાની ચકાસણી માટે ખાસ ડ્રાઈવના આદેશ આપ્યા હતા.

# ઓલપાડ કેસમાં કેમેરા તપાસવા માંગ

**પોલીસની** ભૂમિકા સામે ગંભીર આક્ષેપો

સુરતઃ અરિયાણાની ઘટના અંગે પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, આ અંગે ઓલપાડ પોલીસને તાત્કાલિક હત્યાની જાણ કરવામાં આવી હોવા છતાં, પોલીસે ૧૫ થી ૨૦ આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવાને બદલે અકસ્માત મોત (એક્સિડન્ટલ ડેથ) દાખલ કરીને કેસને દબાવવાનો અને આરોપીઓને બચાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. અરજીમાં ચોક્કસ શખ્સો અને ટોળાં સામે નામજોગ ફરિયાદ કરવામાં આવી છે, જેમાં પ્રદીપ પટેલ (રહે.,દિહેણ), નીલ પટેલ (રહે.,દિહેણ), ભાવેશ પટેલ (રહે.,દિહેણ), જિગ્નેશ પટેલ (રહે.,દિહેણ), દીપેશ પટેલ (રહે.,અરિયાણા, ઓલપાડ, હાલ રહે., શ્રદ્ધા સોસાયટી, જહાંગીરપુરા) અન્ય ૧૦થી ૧૫ અજાણ્યા માણસોનું ટોળું, ઉપરાંત ઘટનામાં વપરાયેલી એક શંકાસ્પદ સ્વિફ્ટ ડિઝાયર કાર (નં.0356) સહિતના વાહનો પણ પોલીસની મદદથી ગાયબ કરી દેવાયા હોવાનો ગંભીર આક્ષેપ પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે.

અરજદાર નલીનભાઈ પટેલે સુરત જિલ્લા એસપીને વિનંતી કરી છે કે, મૃતક અમીષભાઈના મોબાઈલ ફોનના છેલ્લા કોલ રેકોર્ડિંગને એવિડન્સ તરીકે કબજે લેવામાં આવે. ઘટના સ્થળ અને સમગ્ર રૂટ પર આવેલાં તમામ સીસીટીવી ફૂટેજ જપ્ત કરી તેની બારીકાઈથી તપાસ કરવામાં આવે. પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ સંજયભાઈ પટેલ અને ભરતભાઈ પટેલનાં વિગતવાર નિવેદનો નોંધવામાં આવે. ઓલપાડ પોલીસની શંકાસ્પદ ભૂમિકાની તપાસ કરી, તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને તેમની સામે હત્યા (મર્ડર) તથા મોબ લિંચિંગનો ગુનો નોંધી કડક કાર્યવાહી કરવામાં આવે.

**પોલીસ શું કહે છે?**

આ બાબતે સોમવારે મોડી સાંજે ઓલપાડ પીઆઇ સી.આર. જાદવના મોબાઈલ ઉપર કોન્ટેક કરતાં તેઓ પોતાના કોઈ સંબંધીનું દુઃખદ અવસાન થતાં રજા ઉપર હોવાનું જણાવ્યું હતું અને આવતીકાલે આ બાબતે નિષ્પક્ષ તપાસ કરશે તેમ કહ્યું હતું. જ્યારે આ બાબતે જેમના બીટના આ ગામમાં ઘટના બની છે, તેવા બરબોધન બીટ જમાદાર પ્રવીણ પટેલે કહ્યું કે, પોલીસે દિહેણ ગામની બેંક ઓફ બરોડાના સીસીટીવી. વિડીયો ફૂટેજ મેળવવા અરજી આપતાં બેંક મેનેજર હાજર ન હોવાના કારણે આ ફૂટેજ પોલીસને સોમવારે મળશે. જ્યારે આ મામલે અમે પીઆઇ જાદવના માર્ગદર્શન હેઠળ શંકાસ્પદ ઈસમોની પૂછપરછ કરી રહી છે.

**શું કહે છે ગ્રામજનો**

દિહેણના કેટલાક ગ્રામજનો કહી રહ્યા છે કે, મૃતક બાઈકને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો અને કોઈ બબાલ થઈ નથી. જ્યારે મૃતકની કારમાંથી મળેલા પેવર બ્લોકની ડિઝાઇનવાળા બ્લોક અમારા ગામમાં લગાવ્યા જ નથી. જેથી કારમાંથી મળેલા પેવર બ્લોકની તપાસ થાય એ ખૂબ જ જરૂરી છે.

# દક્ષિણ એશિયામાં પહેલીવાર વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ

**આજથી** ગાંધીનગર ૬૫થી વધુ દેશોના ૨ હજારથી વધુ પ્રતિનિધિઓનો જમાવડો



ગાંધીનગર : ગાંધીનગર ખાતે આવતીકાલથી બે દિવસ માટે વૈશ્વિક સર્ક્યુલર ઈકોનોમીના કેન્દ્રમાં ફેરવાશે. દક્ષિણ એશિયામાં પ્રથમવાર મહાત્મા મંદિર ખાતે ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે 'વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ-૨૦૨૬' (WCEF)નું ભવ્ય આયોજન થઈ રહ્યું છે. 'સર્ક્યુલર ઈકોનોમીઃ ટ્રાન્ઝિશન ફોર પીપલ એન્ડ પ્રોસ્પેરિટી' થીમ પર યોજાનારા આ ફોરમમાં ૬૫થી વધુ દેશોના ૨ હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ફોરમનું સંયુક્ત ઉદ્ઘાટન કરશે. વૈશ્વિક નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગપતિઓ, સંશોધકો, સ્ટાર્ટઅપ્સ અને નિષ્ણાતોની હાજરીમાં સર્ક્યુલર અર્થતંત્રને વેગ આપવા માટે નવી ભાગીદારી અને ઉકેલો પર મંથન થશે.

WCEF-૨૦૨૬નો મુખ્ય ઉદ્દેશ્ય સર્ક્યુલરિટી ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાનો અને સર્ક્યુલર ફાઈનાન્સ તથા નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. ઉપયોગમાં લેવાયેલી સામગ્રી અને ઉત્પાદનોને પુનઃઉપયોગ, રિફર્બિશિંગ અને રિસાઈકલિંગ મારફતે ફરીથી અર્થતંત્રમાં મૂલ્યવાન સંસાધન તરીકે લાવવાના મોડલ પર ફોરમમાં ચર્ચા થશે. ૧૫-૧૬ સપ્ટેમ્બરના મુખ્ય ફોરમ દરમિયાન ૪ પ્લેનરી અને ૧૬ થીમ આધારિત સત્રો યોજાશે. તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), રોજગાર, ઊર્જા ઉત્પાદન, નાણા, શાસન, ટકાઉ ઉત્પાદનો અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ સહિતના વિષયો પર નિષ્ણાતો વિચારો રજૂ કરશે. મુખ્ય ફોરમ બાદ ૧૭ અને ૧૮ સપ્ટેમ્બરે ગાંધીનગર ઉપરાંત વિશ્વના અન્ય સ્થળોએ ઓનલાઈન, હાઈબ્રિડ અને રૂબરૂ મળીને ૮૦ એક્સેલરેટર સત્રો યોજાશે. આ સત્રો દ્વારા વૈશ્વિક સહયોગીઓ સર્ક્યુલર ઈકોનોમીના વિવિધ ક્ષેત્રોમાં ચોક્કસ ઉકેલો અને ભાગીદારીને આગળ વધારશે. ઉદ્ઘાટન સત્રમાં ફિનલેન્ડના ભારતમાં રાજદૂત મિક્કો કિવિકોસ્કી, સિત્રા (Sitra)ના પ્રમુખ એટે જાસ્કેલાઈનન તથા નેધરલેન્ડના સર્ક્યુલર ઈકોનોમી ક્ષેત્રના વરિષ્ઠ પ્રતિનિધિઓ સહિત ભારત અને ગુજરાત સરકારના અધિકારીઓ હાજર રહેશે.

# પાણી પીવા ગયેલી બાળકી સ્ટેશન પર રસ્તો ભૂલી ગઈ

**1098** ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે બ્રિજ પાસેથી શોધી કાઢી, એનાઉન્સમેન્ટ અને શોધખોળ બાદ માતાને સોંપી

સુરતઃ આજે સોમવારે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પર હતો. તે દરમિયાન બાળકી પાણી પીવા માટે ગઈ હતી, પરંતુ પરત ફરતી વખતે રસ્તો ભૂલી ગઈ હતી. ઘણા સમય સુધી તે પરત ન આવતા માતાએ 1098 ટીમને જાણ કરી હતી.

સૂચના મળતા જ ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે સ્ટેશન પર બાળકીના વર્ણન સાથે સ્પીકર પર એનાઉન્સમેન્ટ કરાવ્યું અને પ્લેટફોર્મ-1 સહિત આસપાસના વિસ્તારમાં તપાસ શરૂ કરી. મુસાફરોની ભારે ભીડ વચ્ચે ટીમે અલગ-અલગ જગ્યાએ શોધખોળ હાથ ધરી હતી.

શોધખોળ દરમિયાન બાળકી પ્લેટફોર્મ-1 થી બીજા પ્લેટફોર્મ તરફ જતા બ્રિજ પાસે એકલી ઉભેલી મળી આવી હતી. ટીમે તાત્કાલિક તેને સુરક્ષિત સ્થળે લઈ જઈ તેનું પ્રાથમિક કાઉન્સેલિંગ કર્યું અને હિંમત આપી હતી. ત્યારબાદ તેની માતાને 1098 ચાઈલ્ડ હેલ્પલાઈન કાર્યાલય ખાતે બોલાવવામાં આવી હતી. જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી અને બાળ સુરક્ષા અંગેની માહિતી આપ્યા બાદ બાળકીને સુરક્ષિત રીતે પરિવારને સોંપવામાં આવી હતી.

## સુરત થઈને હવે નિયમિત દોડશે અમદાવાદ-તિરૂચિરાપલ્લી એક્સપ્રેસ

સુરતઃ સુરત થઈને અમદાવાદથી તિરૂચિરાપલ્લી વચ્ચે દોડતી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત એક્સપ્રેસ તરીકે દોડશે. પશ્ચિમ રેલવેએ ટ્રેન નંબર 09419/09420 ને નિયમિત કરીને તેનો નંબર 19419/19420 કરી દીધો છે. જેનાથી સુરતથી દક્ષિણ ભારત તરફ જતા મુસાફરોને અઠવાડિયામાં એક દિવસ નિયમિત ટ્રેનની સુવિધા મળશે. ટ્રેન નંબર 19419 અમદાવાદ-તિરૂચિરાપલ્લી એક્સપ્રેસ 24 સપ્ટેમ્બરથી દર ગુરુવારે સવારે 9.20 વાગ્યે અમદાવાદથી ઉપડશે. ટ્રેન સુરત, વલસાડ અને વાપી થઈને વસઈ રોડ, કલ્યાણ, પુણે અને સોલાપુર પહોંચશે. ત્યારબાદ કલબુર્ગી, વાડી, ક્રિષ્ના, રાયચૂર, મંત્રાલયમ, આદોની, ગુંતકલ, તાડીપત્રી, કડપા અને રેણીગુંટા થઈને તમિલનાડુ પહોંચશે.

# ખાડીપૂરમાંથી બચવાનો પ્લાન 'મોડલ રન'માં જ અટવાયો!

**કન્સલ્ટન્ટ** એજન્સીએ 15 દિવસમાં પ્રાથમિક સરવે રિપોર્ટ આપવાનો હતો, પણ બે માસ બાદ પણ ઠેરનો ઠેર

**એજન્સી** દ્વારા બેઠકમાં ઇમેજ રજૂ કરી મૌખિક માહિતી રજૂ કરતા શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી થૈન્નારાશન અકળાયા

**ઇમેજ નહીં ઉપાય આપો : થેન્નારાશને એજન્સીના પ્રતિનિધિઓને આડે હાથ લીધા**

પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થૈન્નારાશને કન્સલ્ટન્ટ એજન્સીને વધુ એક સપ્તાહનો સમય આપ્યો છે. આ સમયગાળામાં તાત્કાલિક અમલ કરી શકાય તેવા ટૂંકા ગાળાના ઉપાયો તેમજ આયોજનબદ્ધ રીતે અમલ કરી શકાય તેવા લાંબા ગાળાના વિકલ્પો સ્પષ્ટ રીતે રજૂ કરવા તાકીદ કરવામાં આવી છે. મહત્વનું એ છે કે એજન્સીએ શરૂઆતમાં માત્ર 15 દિવસમાં પ્રાથમિક સર્વે રિપોર્ટ આપવાની તૈયારી દર્શાવી હતી. હવે બે મહિના વીતી ગયા છે છતાં પ્રાથમિક તારણો રજૂ થયા નથી. આ સ્થિતિમાં માસ્ટર પ્લાનની સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં કન્સલ્ટન્ટ પાસેથી નક્કર અને ઉપયોગી પરિણામ મેળવવા સરકાર સ્તરેથી દબાણ વધારવામાં આવ્યું છે.

સુરત : ચોમાસું આવે એટલે ખાડીપૂરનું સંકટ અને શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સુરત માટે નવી રહી નથી. ખાડીપૂરથી શહેરને કાયમી રાહત અપાવવાના હેતુથી રાજ્ય સરકારના સીધા મોનિટરિંગ હેઠળ માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી શરૂ કરાઈ હતી. પરંતુ જે કન્સલ્ટન્ટ એજન્સીએ શરૂઆતમાં માત્ર 15 દિવસમાં પ્રાથમિક સર્વે રિપોર્ટ આપવાની તૈયારી બતાવી હતી, તેના બે મહિના વીતી ગયા છતાં પ્રાથમિક તારણોના રિપોર્ટના ઠેકાણા નથી.

ખાડીપૂર નિવારણ માટેના ટૂંકા અને લાંબા ગાળાના ઉપાયો સૂચવવા તથા માસ્ટર પ્લાન તૈયાર કરવાની જવાબદારી અમદાવાદની એચસીપી એજન્સીને સોંપવામાં આવી છે. એજન્સીને ત્રણ મહિનામાં માસ્ટર પ્લાન રજૂ કરવાનો સમય આપવામાં આવ્યો છે. જોકે, બે મહિના બાદ યોજાયેલી બેઠકમાં પણ નક્કર રિપોર્ટના બદલે ડ્રોન સર્વે અને ઉપલબ્ધ વિવિધ રેકોર્ડના આધારે કરવામાં આવેલા મોડલ રનના આધારે તૈયાર કરાયેલી ઈમેજ રજૂ કરવામાં આવી હતી. શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થૈન્નારાશનની અધ્યક્ષતામાં આજે મળેલી ખાડીપૂર નિવારણ કમિટીની બેઠકમાં કન્સલ્ટન્ટની રજૂઆત બાદ સરકાર સ્તરેથી સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું કે માત્ર ઈમેજ રજૂ કરીને મૌખિક ચર્ચા કરવાથી કામ નહીં ચાલે. સુરતના ખાડીપૂરનો સામનો કરવા હવે કાગળ પરના મોડલ નહીં, પરંતુ અમલમાં મૂકી શકાય તેવા ઉકેલો જોઈએ. સુરતની ખાડીપૂરની સમસ્યા કેટલી ગંભીર છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સરકાર સ્તરેથી આ કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. સિટી લેવલ કમિટીની બેઠકો બાદ છેલ્લા ત્રણ સપ્તાહથી ખાડીપૂર નિવારણ અંગેની બેઠકો શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીના સીધા નેજા હેઠળ વીડિયો કોન્ફરન્સ મારફતે યોજાઈ રહી છે. એક તરફ દર ચોમાસે ખાડીપૂરનો માર સહન કરતા સુરતવાસીઓ કાયમી ઉકેલની રાહ જોઈ રહ્યા છે અને બીજી તરફ 15 દિવસમાં રિપોર્ટ આપવાની તૈયારી બતાવનાર એજન્સી બે મહિના બાદ પણ માત્ર મોડલ અને ઈમેજ બતાવી રહી છે. હવે સરકારની એક સપ્તાહની મહેતલમાં કન્સલ્ટન્ટ ખરેખર ખાડીપૂરનો નક્કર ઉપાય આપે છે કે ફરી એકવાર કાગળ પરનું મોડલ જ રજૂ કરે છે તે જોવું રહ્યું.


**નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત**

| અ. નં. | કરજદાર / જામીનદાર અને શાખા નું નામ | ૧૩(૨)નોટીસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતોની વિગત | પઝેશનની તારીખ અને પ્રકાર | અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા | અધિકૃત અધિકારીનું નામ અને શાખાનું સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|
| ૩૭. | શ્રીમતી મનીષાબેન વિપુલભાઈ બાબરીયા (કરજદાર), શ્રી વિપુલભાઈ મંજીભાઈ બાબરીયા (સહ-કરજદાર) (સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા) | રૂા. ૧૪,૫૨,૭૩૧/- તા. ૦૩.૦૫.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ઓપન પ્લોટ નં. ૧૦૧, સંલગ્ન જમીનનો ક્ષેત્રફળ ૪૨.૪૨ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખાભાગનો હિસ્સાની જમીનનો કોમન રોડ અને સીઓપી, શિવ દર્શન રેસીડેન્સીના નામ થી હાઉસિંગ એસ્ટેટ થી જાણીતી, જે જમીનનો સબ પ્લોટ નં. ૨, ક્ષેત્રફળ ૩૩૮૧૮.૨૫ સ્કે.મીટર, બ્લોક નં. ૧૩ (આર.એસ. નં. ૪+ ૩૧૪ + ૩૧૫ + ૩૧૦, ૩૧૧, ૩૧૨ અને ૩૧૩) ક્ષેત્રફળ ૭૪૪૪૫ સ્કે. મીટર, ગામ-શેખપુર, સબ જિ. કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. ચતુરસીમા : ● પુર્વે : એન્ટ્રી અને ઈન્ટરનલ રોડ, ● પશ્ચિમે : પ્લોટ થી લાગુ, ● ઉત્તરે : પ્લોટ નં. ૧૦૦, ● દક્ષિણે : પ્લોટ નં. ૧૦૨. | ૧૪.૦૭.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂા. ૪,૯૦,૫૦૦/- રૂા. ૪૯,૦૫૦/- રૂા. ૧૦,૦૦૦/- | ધીરજ બિષ્ટ ચીફ મેનેજર, સહારાદરવાજા શાખા, સુરત (મો) :+૯૧-૯૯૦૯૯૧૩૬૬૫ |
| ૩૮. | શ્રી બિપીનભાઈ પોપટભાઈ રાદડીયા (કરજદાર), શ્રીમતી વિલાશબેન બિપીનભાઈ રાદડીયા (સહ-કરજદાર) (સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા) | રૂા. ૧૩,૪૧,૭૬૧.૧૦ તા. ૦૩.૦૫.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો બુકિંગ પ્લાન મુજબ પ્લોટ નં. સી-૧૭૨ અને પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. એમ-૧૭૨ (કેજેપી મુજબ બ્લોક નં. ૫૧૪ / ૩૬૧ / એમ / ૧૭૨), ક્ષેત્રફળ ૪૦.૧૨ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સા વાળો રોડ અને સીઓપી વાલી, અમૃત સરોવર રેસીડેન્સી, જે સ્થિત જમીન બ્લોક નં. ૫૧૪, ૫૧૫, ૫૧૬/પૈકી ૧, ૫૧૬/પૈકી ૨ અને ૫૧૮, કન્સોલીડેશન પછી નવું બ્લોક નં. ૫૧૪, ક્ષેત્રફળ ૬૪૭૪૫ સ્કે.મીટર, ગામ-કઠોર, તાલુકા કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : એન્ટ્રી અને રોડ, ● પશ્ચિમે : પ્લોટ નં. સી/૧૭૮, ● ઉત્તરે : પ્લોટ નં. સી/૧૭૧, ● દક્ષિણે : પ્લોટ નં. સી/૧૭૩ | ૧૪.૦૭.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂા. ૯,૦૦,૦૦૦/- રૂા. ૯૦,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | ધીરજ બિષ્ટ ચીફ મેનેજર, સહારાદરવાજા શાખા, સુરત (મો) :+૯૧-૯૯૦૯૯૧૩૬૬૫ |
| ૩૯. | શ્રી મહેશકુમાર બાબુભાઈ પોકીયા (કરજદાર), શ્રી રાજેશ બાબુભાઈ પોકીયા (સહ-કરજદાર) (સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા) | રૂા. ૧૩,૭૨,૯૭૯.૫૦ તા. ૦૩.૦૫.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો એમ ટાઈપ પ્લોટ નં. સી-૧૭૧, (કેજેપી મુજબ બ્લોક નં. ૫૧૪/૩૬૨/એમ/૧૭૧), ક્ષેત્રફળ ૪૦.૧૫ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સા વાળો રોડ અને સીઓપી વાલી, અમૃત સરોવર રેસીડેન્સી, જે સ્થિત જમીન બ્લોક નં. ૫૧૪, ૫૧૫, ૫૧૬/પૈકી ૧, ૫૧૬/પૈકી ૨ અને ૫૧૮, કન્સોલીડેશન પછી નવું બ્લોક નં. ૫૧૪, ક્ષેત્રફળ ૬૪૭૪૫ સ્કે.મીટર, ગામ-કઠોર, તાલુકા કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : એન્ટ્રી અને રોડ, ● પશ્ચિમે : પ્લોટ નં. સી/૧૭૯, ● ઉત્તરે : પ્લોટ નં. સી/૧૭૦, ● દક્ષિણે : પ્લોટ નં. સી/૧૭૨ | ૧૪.૦૭.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂા. ૯,૦૦,૦૦૦/- રૂા. ૯૦,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | ધીરજ બિષ્ટ ચીફ મેનેજર, સહારાદરવાજા શાખા, સુરત (મો) :+૯૧-૯૯૦૯૯૧૩૬૬૫ |
| ૪૦ | શ્રીમતી પૃથ્વીબેન રાજેશભાઈ બુટાણી (કરજદાર), રાજેશકુમાર હરીભાઈ બુટાણી (સહ-કરજદાર) (સુરત મુખ્ય શાખા) | રૂા. ૮,૯૫,૨૮૫/- તા. ૨૮.૦૪.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | શ્રીમતી પૃથ્વીબેન રાજેશભાઈ બુટાણીની માલિકીની મિલકત જે ફલેટ નં. ૪૦૨, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૬.૮૭ સ્કે. મીટર યાને કે ૬૧૨ સ્કે. ફીટ સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સો વાળી જમીન, બિલ્ડીંગ નં. બી, વ્રજ રેસીડેન્સી, બિલ્ડીંગ બી, બાંધકામ વાળી જમીનનો રેવન્યુ સર્વે નં. ૪/૧, બ્લોક નં. ૭, ક્ષેત્રફળ ૪૬૫૩ સ્કે.મીટર પૈકી, ઉત્તર દિશાની જમીનનો ક્ષેત્રફળ ૯૩૧ સ્કે. મીટર અને માર્જીન અને અવિભાજીત ભાગનો ક્ષેત્રફળ ૪૦૩.૪૬ સ્કે.મીટર, કુલ ૧૩૩૫.૨૪ સ્કે.મીટર,ગામ-છાપરાભાઠા, તાલુકા-ચોર્યાસી, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. ચતુરસીમાઃ ● પુર્વે : ફલેટ નં. ૪૦૫, ● પશ્ચિમે : ફલેટ નં. ૪૦૮, ● ઉત્તરે : મેઈન રોડ, ● દક્ષિણે : ફલેટ નં. ૪૦૬ | ૦૨.૦૭.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૬,૧૫,૦૦૦/- રૂા. ૬૧,૫૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | વિકાસ ચૌરસિયા ચીફ મેનેજર, સુરત મેઈન શાખા, સુરત (મો) :+૯૧-૮૨૧૦૧૦૬૮૩૧ |
| ૪૧ | શ્રી કિશ્વરજહાન કલમ ખાન (કરજદાર), શ્રી મોહમ્મદ કલમ ખાન (સહ-કરજદાર), શ્રી મનીઉલહક નુરૂહક શૈખ (જામીનદાર) (વાપી શાખા) | રૂા. ૨૬,૩૦,૯૬૨.૩૦ તા. ૦૪.૦૬.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ફલેટ નં. સી-૪૦૮, ક્ષેત્રફળ ૧૩૫૦ સ્કે. ફીટ, ચોથો માળ, બિલ્ડીંગ-સી, નાઝ પાર્ક પ્રીમાઈસીસ થી જાણીતી, બાંધકામ વાળી બિન ખેતીલાયક જમીનનો પ્લોટ નં. ૭ થી ૨૦, અ.નં. ૩૩૭, ગામ-કરવાડ, તહેસીલ-વાપી, જિ. વલસાડ ખાતે ખાતે આવેલ મિલકત. કુલ એરીયા ૨૫૦.૯૨ સ્કે.મીટર ● ચતુરસીમા : ● પુર્વે : ખુલ્લી જગ્યા, ● પશ્ચિમે : ફલેટ નં. સી/૪૦૭, ● ઉત્તરે : રોડ, ● દક્ષિણે : એન્ટ્રી અને પેસેજ | ૧૯.૦૧.૨૦૨૨ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૯,૪૪,૦૦૦/- રૂા. ૧,૯૪,૪૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૨ | શ્રી નરેશભાઈ પ્રદીપભાઈ ધડુક (કરજદાર), શ્રી પ્રદીપભાઈ લક્ષ્મણભાઈ ધડુક (સહ-કરજદાર) (વરાછા શાખા) | રૂા. ૧૩,૧૫,૩૪૫.૯૧ તા. ૦૪.૦૨.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. એ/૩૧, જે જમીનનો ક્ષેત્રફળ ૪૩.૪૪ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૩૦.૯૦ સ્કે.મીટર કોમન રોડ અને સીઓપી વાળી સહજાનંદ વાટીકા ના નામથી હાઉસિંગ એસ્ટેટ થી જાણીતી, ગામ-વેલંજા, તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : પ્લોટ થી લાગુ, ● પશ્ચિમે : એન્ટ્રી અને ઈન્ટરનલ રોડ, ● ઉત્તરે : પ્લોટ નં. ૩૦, ● દક્ષિણે : પ્લોટ નં. ૩૨ | ૧૩.૧૨.૨૦૨૩ પ્રત્યક્ષ કબજો | રૂા. ૭,૭૪,૦૦૦/- રૂા. ૭૭,૪૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૩. | શ્રી ભાવેશભાઈ દિનેશભાઈ ડોમડીયા (કરજદાર), રીતાબેન ભાવેશભા ડોમડીયા (સહ-કરજદાર) (વરાછા શાખા) | રૂા. ૮,૨૧,૩૫૩/- તા. ૦૧.૦૮.૨૦૧૯ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ફલેટ નં. ૪૦૩ અને ૪૦૪, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૪૫ સ્કે. ફીટ યાને કે ૫૦.૬૫ સ્કે. મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૩૬૬.૨૭ સ્કે.ફીટ યાને કે ૩૪.૦૪ સ્કે.મીટર બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગની જમીન પ્લાન મુજબ રોડ અને પાર્કિંગનો ક્ષેત્રફળ ૧૮.૪૯ સ્કે.મીટર ૮૨.૦૭ સ્કે.મીટર, સીઓપી કુલ ક્ષેત્રફળ ૨૦.૫૬ સ્કે.મીટર, બિલ્ડીંગ નં. ઈ/૧, ભક્તિ ધારા રેસીડેન્સી, જે જમીનનો સર્વે નં. ૫૬, ૫૭, ૫૯ પૈકી, બ્લોક નં. ૧૩૦, ગામ-સાયણ ગોઠાણ, સબ જિ. ઓલપાડ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : બિલ્ડીંગ નં. ઈ/૧-૪૦૩, ● પશ્ચિમે : સી.ઓ.પી., ● ઉત્તરે : ફલેટ નં. ઈ/૧-૪૦૧, ● દક્ષિણે : ઈન્ટરનલ રોડ | ૧૧.૧૧.૨૦૧૯ પ્રત્યક્ષ કબજો | રૂા. ૬,૨૫,૫૦૦/- રૂા. ૬૨,૫૫૦/- રૂા. ૧૦,૦૦૦/- | શ્રી ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૪ | શ્રી જયસુખભાઈ મધુભાઈ બાબરીયા (કરજદાર), અંજુબેન જયસુખભાઈ બાબરીયા (સહ-કરજદાર), શ્રી સંજયભાઈ વિનુભાઈ ગહીયા (જામીનદાર) (વેસુ શાખા) | રૂા. ૨૧,૩૧,૧૧૩/- તા. ૨૯.૦૯.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે જાણીતી મિલકતનો પ્લોટ નં. ૬૫, સહજાનંદ રેસીડેન્સી, ગામ-કોળી ભરથાણા, તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : એન્ટ્રી ઈન્ટરનલ રોડ અને પ્લોટ નં. ૮૨, ● પશ્ચિમે : પ્લોટ નં. ૪૮, ● ઉત્તરે : પ્લોટ નં. ૬૪, ● દક્ષિણે : પ્લોટ નં. ૬૬ | ૨૭.૦૧.૨૦૨૨ પ્રત્યક્ષ કબજો | રૂા. ૮,૨૮,૦૦૦/- રૂા. ૮૨,૮૦૦/- રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |

**નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૨૪.૦૯.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે**
**ઈ-હરાજીની તારીખ અને સમય : ૩૦.૦૯.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે**
**(બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્ટેન્શન સાથે)**

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.
- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://baanknet.com ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://baanknet.com ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત, શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.
- વેચાણની શરતો અને નિયમો સિકયોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

**સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૧૫ દિવસની નોટીસ**

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

તારીખ : ૧૪.૦૯.૨૦૨૬
સ્થળ : સુરત

(વિવાદીત સ્થિતી માં અંગ્રેજી માન્ય ગણાશે.)



**ગુજરાત રાજ્ય**
**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**
**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૧૫ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ દ્વારા બાંધકામ વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર બી & ઉપરના વર્ગના ઈજારદાર પાસેથી એસ.બી.ડી ટેન્ડર ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૨.૪૬ કરોડ સુધીની છે.

Pre-bid meeting will be held in the office of the Superintending Engineer, Panam Project Circle, Godhra, Dist.Panchmahal on Dt.21/09/2026 at 03:00 P.M. Hrs.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટઃ https://tender.nprocure.com પર તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૦૬/૧૦/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

વધુ વિગત માટે વિગતવાર નોટીસ ઉપરોક્ત વેબ સાઈટ પર જોવા મળશે તથા રૂબરૂ કચેરીના સમય દરમ્યાન સંપર્ક કરવો.
(માહિતી/ગોધરા/૪૯૪/૨૬)



**મોટાબોરસરા ગ્રામપંચાયત**
**તા.માંગરોળ જિ.સુરતની જાહેરનિવિદા.**

આથી હિત ધરાવનાર તમામ ઈજારદારોને જણાવવાનું કે,વર્ષ-૨૦૨૬/૨૦૨૭ના વર્ષ માટે મોટાબોરસરા ગ્રામપંચાયત દ્વારા મોટાબોરસરા ગ્રામપંચાયત હદવિસ્તારમાં ડોર ટૂ ડોર કચરો કલેક્શન કરવા માટે વાહન સાથે તથા કચરાનો નિકાલ કરવા સહિતના ૨ વાહનો માટેના ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ભાવો ભરેલા ટેન્ડરો આ નિવિદા વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ માં સરપંચશ્રી મોટાબોરસરા ગ્રામપંચાયતના નામે સીલબંધ કરવામાં રજી.એડીથી મોકલવાના રહેશે. જી.એસ.ટી નંબરવાળા જ ટેન્ડરો સ્વીકાર્ય રહેશે તમામ ભાવો જી.એસ.ટી સાથેના રજુ કરવાના રહેશે. ભાવો માં મંજુર/નામંજૂર કરવાનો નિર્ણય સરપંચશ્રીનો રહેશે. સરપંચશ્રીનો નિર્ણય આખરી ગણાશે. આ કામ પંચાયતની શરતોને આધીન આપવામાં આવશે જે અંગેનું કરારખત કરવાનું રહેશે.

રાધાબેન
સરપંચ
મોટા બોરસરા ગ્રામ પંચાયત
તા.માંગરોળ, જી.સુરત

તલાટી કમ મંત્રી
મોટા બોરસરા ગ્રામ પંચાયત
તા.માંગરોળ, જી.સુરત

ક્રમાંકઃ માહિતી-સૂરત/૬૦૭/૨૦૨૬



**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Surat Rural Division
Opp. Urja Sadan, Nana Varachha Road, Kapodara, Surat 395 006
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tender (No. 31 to 34) are invited for work of supply, laying, testing and commissioning of 11KV/ 22KV UG cable (XLPE cable will be supplied by DGVCL) with cable termination and straight through joints kits (to be supplied by contractor) for laying underground cable in any schemes at Laskana, Pasodara, Sarthana, Simada, Kapodara, Yogichowk, Puna & Saroli sub-divisions (LT CRM-1 & 2, Back Office) or any sub-divisions under Surat Rural Division. Tender (no. 35) for erection of overhead HT, LT line, Transformer Centre, Overhead XLPE, Maintenance of overhead HT line, LT line, Transformer Centre with dismantling of poles & transformer center including laying, testing & commissioning of specially designed MVCC and other miscellaneous work under various schemes for Simada sub-division and any other sub-divisions under Surat Rural Division. Tender's documents and details may be downloaded from www.dgvcl.com and http://dgvcl.nprocure.com

EE (O&M), Surat Rural Division, DGVCL.


# લાંબા વિરામ બાદ દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદી માહોલ

**નવસારી** અને વલસાડ જિલ્લામાં 3-3 ઈંચ સુધીની મેઘમહેર

**નાનાપોંઢા** પાસે નીલગીરીનું ઝાડ માર્ગ પર ધરાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાયો

**ખેરગામના** નાંધઈ કોઝવે પર પાણીના ધસમસતા પ્રવાહમાં બે વાહનો તણાઈ ગયાં

**દક્ષિણ ગુજરાતનો 24 કલાકનો વરસાદ**

| | |
|---|---|
| ભરૂચ | 3.86 ઈંચ |
| વાલિયા | 3.86 ઈંચ |
| અંકલેશ્વર | 3.19 ઈંચ |
| હાંસોટ | 3.15 ઈંચ |
| ગણદેવી | 3 ઈંચ |
| કપરાડા | 3 ઈંચ |
| ઉમરગામ | 3 ઈંચ |
| વાગરા | 2.95 ઈંચ |
| નાનાપોંઢા | 2.5 ઈંચ |
| પારડી | 2 ઈંચ |
| ધરમપુર | 1.5 ઈંચ |
| વલસાડ | 1.5 ઈંચ |
| ઝઘડિયા | 1.5 ઈંચ |
| વાપી | 1 ઈંચ |

સુરત : નવસારી અને વલસાડ જિલ્લામાં સતત બીજા દિવસે મેઘરાજાએ મહેર વરસાવતા અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો હતો. નવસારીના ગણદેવી તાલુકામાં ત્રણ ઈંચ અને વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં અને ઉમરગામ તાલુકામાં 3-3 ઈંચ વરસાદ ખાબક્યો હતો. બીજી તરફ, ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ચીખલીની કાવેરી નદી સોળ ફૂટની સપાટીએ પહોંચી હતી, જોકે રાત્રે પાણીનું સ્તર ઘટતા રાહત થઈ હતી.

વલસાડના નાનાપોંઢા પાસે વિશાળકાય નીલગીરીનું ઝાડ અચાનક માર્ગ પર ધરાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાયો હતો અને વાહનવહાર અટક્યો હતો, ઉપરાંત, ખેરગામના નાંધઈ કોઝવે પર પાણીના ધસમસતા પ્રવાહમાં બે વાહનો તણાઈ ગયા હતા. બેરિકેડ કે પોલીસ બંદોબસ્તના અભાવે બનેલી આ ઘટનામાં ચાલકોએ સમયસૂચકતા વાપરીને પોતાનો જીવ બચાવી લીધો હતો. ભરૂચ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદને પગલે પીંગોટ, બલદેવા અને ધોલી ડેમ ઓવરફ્લો થયા છે. બીજી તરફ અંકલેશ્વરમાં આમલા ખાડી ઓવરફ્લો થતાં કડકિયા કોલેજ પાસેનું ડાયવર્ઝન બંધ કરી વાહનોને આંબોલી-બોરીદ્રા-પુનગામના વૈકલ્પિક માર્ગે વાળવામાં આવ્યા છે. જ્યારે કસક વિસ્તારમાં વરસાદી કાંસ ધોવાતાં આંગન એપાર્ટમેન્ટની દીવાલ ધસી પડતાં 7-8 કાર પર શેડ ખાબક્યો હતો. તો બારડોલીના વાંકાનેરમાં સવારે મકાનની દીવાલ ધરાશાયી થતાં 70 વર્ષીય શાંતિબેન મંગુભાઈ હળપતિનું કાટમાળ નીચે દબાઈ જવાથી મોત નીપજ્યું હતું. તાપી જિલ્લામાં શનિવારે રાત્રે ધોધમાર વરસાદ બાદ રવિવારે વરસાદનું જોર ઘટ્યું હતું. વાલોડમાં સૌથી વધુ ૨૨ મીમી અને વ્યારામાં ૨૦ મીમી વરસાદ નોંધાયો હતો.